કામ કરતી મહિલાઓ માટે તેમની સૌથી મોટી ચિંતા બાળકો છે. પછી ભલે તે શ્રમિક મહિલા હોય કે કોઈ કચેરીમાં ઉચ્ચ હોદ્દા પર કામ કરતી મહિલા હોય. બાળકો અને પરિવારના ઉજળા ભવિષ્ય માટે વહેલીસવારે કામે જતી મહિલાઓ પોતાનો એક હિસ્સો ઘરે મુકીને જાય છે. તેને સતત બાળકોની જ ચિંતા રહે છે. જો ઘરે સાચવવાવાળુ કોઈ ન હોય ત્યારે વર્કિંગ વુમને કેરટેકરનો સહારો લેવો પડે છે પરંતુ શ્રમિક મા ને આવી લકઝરી પોષાતી નથી. છેડા માંડ ભેગા થતા હોય ત્યારે 'શ્રમિક મા'ને પોતાના બાળકોને કામના સ્થળે લઈ જવા સિવાય કોઈ ઉપાય મળતો નથી. 'શ્રમિક મા' પોતે ભલે આખો દિવસ આકરા તડકામાં કામ કરે પરંતુ બાળકને તાપ તડકાની ઓછી અસર થાય તેનુ ચોક્કસ ધ્યાન રાખે છે. તસ્વીરમાં દેખાતા બાળકોના પગ તડકામાં ન બળે તે માટે કચરો વાળતી શ્રમિક મા પોતાના વ્હાલસોયા બાળકોને કચરો ભરવાની ગાડીમાં બેસાડીને ફેરવે છે. મજબુરીમાં કચરો ભરવાની ગાડીમાં બેસતા બાળકો ત્યાં પણ આનંદ શોધી લે છે. સરકાર નાગરિકો માટે અનેક યોજનાઓ બનાવે છે ત્યારે આખા શ્રમિક બાળકો આખો દિવસ રહી શકે તેવી સરકારી કેર ટેકર સંસ્થા શરૂ ન કરી શકે ? જ્યાં શ્રમિક મા-બાપના બાળકો સચવાય અને તેમને શિક્ષણ સાથે સારી સુવિધાઓ પણ મળી શકે.

ગુડાની ટીપી સ્કીમ નં-૨૮ને મંજુરી

વિકાસના નવા આયામો સાકાર થશે : સરગાસણ, કુડાસણ, પોર સહીતના આસપાસના વિસ્તારનો પણ સમાવેશ : માળખાગત સુવિધા સહીત નવતર આયોજનો હાથ ધરાશે : ગુડાને પણ કપાતની જમીનના પ્લોટસના આધારે નવા આવકના સાધનો મળશે

ગાંધીનગર તા ૧૯

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં વિકાસની પ્રકીયા વધુ તેજ બનશે. મુખ્યમંત્રીએ આજે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની ટી પી સ્કીમ નં -૨૮ ને મંજુરી આપી દીધી છે. સરગાસણ , કુડાસણ અને પોર સહીતના આસપાસના વિસ્તારનો પણ સમાવેશ કરી દેવાયો છે. જેના લીધે આ વિસ્તારમાં આવાસ યોજના, બગીચા નિર્માણ સહીત જાહેર સુવિધા અને માળખાગત સવલતોના કામો સંદર્ભે પણ નવી યોજનાઓનો અમલ થશે.

ન્યુ ગાંધીનગરના વિકાસને વધુ તેજ ગતિ આપવા માટે મુખ્યમંત્રીએ ટી પી સ્કીમ નં ૨૮ ને મંજુરી આપી દીધી છે. આ ટી પી ને મુખ્યમંત્રી કક્ષાએથી આખરી કરી દેવામાં આવી છે. જયારે આ મંજુરીના અંતે ટી પી સ્કીમ નં -૨૮ માં સરગાસણષ પોરઅને કુડાસણના ગામના બાકી રહેતા વિસતારોનો પણ સમાવેશ કરી દેવાયો છે. જયારે આ વિસ્તારમાં હવે આવાસોના નિર્માણ સાથે હરિયાળા ઉદ્યાનોના નિર્માણ માટે પણ આયોજન કરવામાં આવશે. જયારે વધારાની જમીન પણ ઉપલબ્ધ થતા માળખાગત સુવિધાઓ અન્વયે નવી યોજનાઓનો અમલ પણ સરળ બનશે. સુત્રોના જણાંવ્યા પ્રમાણે વેચાણપાત્ર નવી જમીનો પણ મળશે. જયારે માળખાગત સુવિધાના કામો માટે નાંણાની જરૂરિયાત સંતોષવા માટે ગુડાના તંત્રને અંદાજિત ૨૧.૪૫ હેકટર જમીન અન્વયે વિવિધ સ્થળે કપાતની જમીનના પ્લોટસ પણ ઉપલબ્ધ થશે. આ જમીનનુ વેચાણ કરવાની સાથે ભાડેથી પણ આપી આવકના નવા સાધનો ઉભા કરી શકાશે. જયારે ટી પી સ્કીમ નં -૨૮ માં નબળા વર્ગના પરિવારો માટે આવાસો બાંધવા માટે ૫.૦૧ હેકટર જમીન મળશે. જયારે ગુડાની આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટેની આવાસ યોજનાને પણ ઉમદા પ્રતિસાદ મળી રહ્યો છે. જયારે ટી પી સ્કીમ નં -૨૮ માં નબળા વર્ગના પરિવારો માટે આવાસો બાંધવા માટે ૫.૦૧ હેકટર જમીન મળશે. જયારે ગુડાની આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટેની આવાસ યોજનાને પણ ઉમદા પ્રતિસાદ મળી રહ્યો છે. જયારે ટી પી સ્કીમ વધુ એક આખરી થતા નવા આવાસો પણ બનશે. જયારે લાયબ્રેરી, હોલ , બગીચા, કોમર્શિયલ કોમ્પલેક્ષ પાણી ગટરના કામો સહીતના આયોજન માટે પણ ૩.૨૪ હેકટર જેટલી જમીન અનામત પ્લોટ તરીકે સંપ્રાપ્ત થઇ છે. આગામી દિવસોમાં ગુડા વિસ્તારમાં વિકાસનો વ્યાપ વધશે જયારે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ટી પી સ્કીમને મંજુરી અપાતા વિકાસના નવા આયામો સાકાર થશે.

ગુડા ટી પી સ્કીમ નં -૨૬ માં નર્મદાના પાણી વિતરણ માટે નેટવર્ક ઉભુ કરાશે

ગંદા પાણીના નિકાલ માટે પણ વ્યવસ્થા ગોઠવાશે : વાસણા હડમતિયા, સરગાસણ, વાવોલ, ઉવારસદમાં રહીશોની વારંવારની રજુઆતને ધ્યાને લઇ ગંદા પાણીના નિકાલ માટે પણ કામ હાથ ધરાશે : અંદાજિત રૂ ૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે

ગાંધીનગર તા ૧૯

ગુડાનો મોટાભાગનો વિસ્તાર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ કરી દેવાયો છે. જયારે હાલ આ વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો હાથ ધરવા માટે ગુડા દ્વારા તબક્કાવાર કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. ટી પી સ્કીમ નં -૨૬ વાવોલ, સરગાસણ, વાસણા હડમતિયા અને ઉવારસદ વિસ્તારમાં આગામી મેં મહીનામાં નર્મદાના પાણી વિતરણ તેમજ ગંદા પાણીના નિકાલ માટે લાઈનનુ કામ હાથ ધરાશે.

ગુડાનો મોટાભાગનો વિસ્તાર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ કરી દેવાયો છે. જયારે અગાઉના ગુડા સમાવિષ્ટ વિસ્તારમાં હાલ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા જ માળખાગત સુવિધાના કામો કરવામાં આવી રહ્યા છે. જયારે આ કામગીરી અન્વયે ટી પી સ્કીમ નં -૨૬ ના વિસ્તારમાં આગામી દિવસોમાં પીવાના પાણી તેમજ ગંદા પાણીના નિકાલ માટેનુ નેટવર્ક ઉભુ કરવા માટે વિવિધ કામોને મંજુરી આપવામાં આવી છે. વાવોલ , સરગાસણ , વાસણા હડમતિયા તેમજ ઉવારસદ તેમજ આસપાસના વિસ્તારમાં આગામી મેં મહીના દરમિયાન વિવિધ કામો હાથ ધરવામાં આવશે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર વાવોલ, સરગાસણ , વાસણા હડમતિયા અને ઉવારસદ આસપાસના વિસ્તારમાં વિકાસના નવા આયામો વચ્ચે વસવાટ વધ્યો છે. જયારે રહીશોની સંખ્યા વધી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં ૪૨ કરોડના ખર્ચે માર્ગ સુધારણા હાથ ધરાશે

ભાવવધારાને અનુલક્ષી કોન્ટ્રાકટરો સાથે સરકારે સમાધાનકારી વલણ અપનાવતા હવે માર્ગ સુધારણાના કામો ઝડપથી થશે

ગાંધીનગર તા ૧૯

છેલ્લા ત્રણ મહીનાથી સિમન્ટ , સ્ટીલ, અને ડામરના ભાવમાં વધારો થતા જંગી ભાવવધારાના લીધે કોન્ટ્રાકટરોએ પણ ભાવ વધારી આપવા માટે સરકારને રજુઆત કરી હતી. જો કે સરકારે આ મામલે રજુઆત ન સાંભળતા કોન્ટ્રાકટરોએ પણ નવા ટેન્ડરો ભરવાનુ બંધ કરી દીધુ હતુ. જયારે હવ ચુંટણી પણ નજીકમાં છે ત્યારે આ મામલે કોન્ટ્રાકટરો અને સરકાર વચ્ચે સમાધાન થઇ જતા હવે માર્ગ સુધારણાના કામો પુન : ધમધમતા થશે. ગાંધીનગર કલોલ અને માણસા વિસ્તારમાં પણ વિવિધ ૬ માર્ગોને રીસરફેસીંગ કરવાના કામો અન્વયે રૂ ૪૨ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. અંદાજિત ૫૩ કી મી ના માર્ગોનુ રીસરફેસીંગ કરવાના આયોજનના અંતે વાહનચાલકોને પણ સલામત રોડ નેટવર્ક ઉપલબ્ધ થશે.

ભાવવધારાના લીધે છેલ્લા ઘણાં સમયથી માર્ગ સુધારણાના કામો ઠપ્પ થઇ ગયા હતા. કોન્ટ્રાકટરોએ પણ આ મામલે સરકારને રજુઆત કરી હતી. પરંતુ લાંબા સમયથી આ વાતનો નિકાલ આવતો ન હતો જેના લીધે ગાંધીનગર જિલ્લામાં પણ મંજુર થયેલા માર્ગોના કામો બંધ થઇ ગયા હતા. જયારે આ મામલે સરકારે સમાધાનકારી વલણ અપનાવતા રસ્તાઓ અને બાંધકામની યોજનાઓ હવે આગળ ધપશે. જિલ્લામાં પાટનગરયોજના વિભાગ અને જિલ્લા પંચાયત કક્ષાએથી બાંધકામ તેમજ માર્ગ નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવે છે. પાટનગર યોજના વિભાગ દ્વારા જિલ્લામાં વિવિધ માર્ગોની સુધારણા માટે પ્રથમ તબક્કામાં માણસા બોરુ ઈટાદરા, સલડી માર્ગ કલોલ , માણસા વિજાપુર, તેમજ પીલવાઈ મહુડી માર્ગનો સમાવેશ કરાયો છે. જયારે આ માર્ગની મરામત માટે રૂ ૧૬.૮૦ કરોડનો ખર્ચ મંજુર કરાયો છે. આ ઉપરાંત વડસર, ખાત્રજ ભીમાસણ ,શેડફા, જલુંદ , ધમાસણા કલોલ પાનસર ડીંગુચા, રોડના રીસરફેસીંગના કામનો પણ સમાવેશ કરાયો છે. જેની પાછળ રૂ ૨૪.૯૬ કરોડના ખર્ચનો અંદાજ છે. જિલ્લામાં ૪૨ કરોડના ખર્ચે માર્ગોની સુધારણાના કામોને મંજુરી આપી દેવામાં આવી હતી પરંતુ કોન્ટ્રાકટરોની રજુઆત સંદર્ભે હકારાત્મક નિકાલ ન આવતા કામગીરીમાં પણ વિલંબ થઇ રહ્યો હતો. જયારે આ મામલે હવે સુખદ સમાધાન થતા જિલ્લામાં માર્ગ સુધારણાના કામોમાં ગતિ આવશે.

સે. ૮ માં કોરોનાનો એક કેસ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે સતત બીજે દિવસે એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં એક દિવસ બાદ આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. સે. ૮ માં ૩૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં રિકવરી રેટ ૯૫ ટકાને પાર કરી ગયેલ છે. આજે વધુ એક દર્દી રિકવર થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૧૧ જેટલા દર્દીઓ હાલ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

જિલ્લામાં ૩૦-૬-૨૧ની સ્થિતિએ ૨૧ વડના વૃક્ષ કાપવામાં આવ્યા છે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં ૨૦૨૧-૨૨ના વર્ષ દરમ્યાન (૩૦-૬-૨૧)ની સ્થિતિએ ૨૧ જેટલા વડના વૃક્ષ કાપવામાં આવ્યા છે.

રાષ્ટ્રીય વૃક્ષ વડને કાપવામાં આવ્યા તેવા કોંગીના વિક્રમભાઈ માડમના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે તા. ૩૦-૬-૨૧ની સ્થિતિએ ૨૧ વડના વૃક્ષ કાપવામાં આવ્યા છે.

આ માટેના કારણો આપતાં વનમંત્રીએ જણાવ્યુ છે કે રોડ વાઈડનીંગની કામગીરીમાં નડતરરૂપ હોવાના કારણે કાપવાની મંજૂરી આપવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે રાષ્ટ્રીય વૃક્ષ વડના સંરક્ષણ માટે લોકોનો સહકાર મેળવવા જન જાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવે છે. વાવેતરમાં અન્ય રોપાઓની સાથે વડના રોપાનું વાવેતર કરવામાં આવે છે. તથા વન મહોત્સવ દરમ્યાન વિતરણ પણ કરવામાં આવે છે.

શહેરમાં જીટીપીએલ કેબલ કનેક્શન પાંચ કલાક ખોરવાયુ

ગાંધીનગર જીટીપીએલ કનેક્શન ખોરવાતા ગૃહિણીઓ સીરીયલો જોઈ ન શકી : ન્યૂઝ ચેનલો બંધ રહેતા વડીલો પણ અકળાયા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં જીટીપીએલનું કનેક્શન લાગલગાટ પાંચ કલાક બંધ રહેતા વસાહતીઓને જાણે દુનિયાથી અલગ થઈ ગયા હોય તેવુ લાગતુ હતુ. ગૃહિણીઓની સીરીયલો બંધ થઈ ગઈ હતી તો વડીલો ન્યૂઝ ચેનલો વિના અકળાયા હતા.

ગાંધીનગર શહેરમાં ખાનગી ચેનલોનુ જોડાણ જીટીપીએલ દ્વારા અપાય છે. કેટલાક ઘરોમાં અન્ય કંપનીઓના કેબલ કનેક્શન છે પરંતુ મોટાભાગના ઘરોમાં હજુ ઈન્ટરનેટ અને ચેનલો માટે જીટીપીએલનુ કનેક્શન વપરાય છે. જીટીપીએલ દ્વારા મોટાભાગની પોપ્યુલર ચેનલો ટેલીકાસ્ટ કરાતી હોવાથી મોટાભાગના ઘરોમાં આખો દિવસ કોઈને કોઈ ચેનલો ચાલુ જ હોય છે. પરંતુ શનિવારે કોઈ ટેકનીકલ કારણોસર બપોરે એક વાગ્યાની આસપાસ જીટીપીએલનું જોડાણ ખોરવાયુ હતુ. ઘણા પ્રયત્નો બાદ પણ તે પુનઃ ન જોડાતા ગૃહિણીઓ અકળાઈ હતી. બપોરના સમયે વિવિધ ચેનલો પરથી પ્રસારિત થતી સીરીયલો ગૃહિણીઓમાં ખુબ લોકપ્રિય છે. તે ખોરવાતા ગૃહિણીઓ અકળાઈ હતી. ઘરમાં રહેલા વડીલો ન્યૂઝ ચેનલો વધુ પસંદ કરે છે તે પણ બંધ રહેતા જાણે વિશ્વ સાથે ગાંધીનગરનુ જોડાણ કટ થઈ ગયુ હોય તેવો અનુભવ ઘણાએ કર્યો હતો. છેક સાંજે છ વાગ્યાની આસપાસ જોડાણ પુનઃ કનેક્ટ થતા હાશકારો અનુભવાયો હતો.

એવૉર્ડ - ગુજરાતની જાણીતી ન્યુઝ ચેનલ 'એબીપી અસ્મિતા' દ્વારા વર્ષ-૨૦૨૨નો સાહિત્યનો એવૉર્ડ જાણીતા કવિ, વક્તા અને પૂર્વ સનદી અધિકારી ભાગ્યેશ જહાને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે એનાયત કરાયો હતો... આ પ્રસંગે ચેનલ હેડ રોનકભાઈ પટેલ સહિત ગુજરાતના વરિષ્ઠ સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા.

એપ્રિલના અંતમાં પારો ૪૬ ડીગ્રીએ પહોંચશે

ચોમાસામાં શરૂઆતમાં સારો વરસાદ થશે : ગાંધીનગર અમદાવાદમાં પણ ગરમી ઉગ્ર બનશે : આંધી અને વંટોળ સાથે સારો વરસાદ થશે : અંબાલાલ પટેલ : હોળી પ્રાગટ્ય વેળાએ ૧૯૦વાયવ્ય દિશાનો પવન જોવા મળ્યો : ચોમાસાના પાછળના દિવસોમાં ખંડીય વરસાદ થવાની સંભાવના

ગાંધીનગર તા ૧૯

આગામી ચોમાસાની શરૂઆતમાં સારો વરસાદ થશે જયારે ઓગષ્ટ સપ્ટેમ્બર મહીનામાં અનિયમિત વરસાદ જોવા મળશે જયારે આગામી એપ્રિલ મહીનાના અંતમાં ગરમીનુ રોદ્ર સ્વરૂપ જોવા મળશે ગાંધીનગર અમદાવાદ સહીતના વિસ્તારમાં ગરમીનો પારો ૪૬ ડીગ્રી સુધી પહોંચી જશે. હોળી પ્રાગટ્ય વેળાએ પવનની દીશાના આધારે ચોમાસા અને શિયાળાની ઠંડીની મોસમનો મિજજ જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે વ્યકત કર્યો છે. જયારે ગરમીની મોસમ પણ આગામી દિવસોમાં નગરજનો માટે આકરી પુરવાર થશે તેમ પણ તેમણે જણાંવ્યુ છે.

પ્રાચીન વર્ષા વિજ્ઞાનમાં ભુતળના યોગોનુ અનુમોદન આપતા ભડલી વાકયમાં ઉલ્લેખ જોવા મળે છે. આ વાકયો અનુભવના આધારે કુદરતમાં થતા ફેરફારોને જોઈને આગામી ચોમાસુ વરસાદ કેવો થશે, શિયાળામાં ઠંડી પડવાથી શુ થશે.. જેમાં સુર્ય ચંદ્રમાં થતા પરિવેશ આકાશમાં થતી ચમત્કૃતિઓ મેઘ ગર્ભ હિમ, છાંટા પડવા, ભિન્ન ભિન્ન દીશાઓમાં હોળીનો પવન , અખાત્રીજનો પવન, અષાઢી પુનમના પવન વગેરેનુ આંકલન કરવામાં આવે છે. શિયાળામાં ઠંડી ઉનાળામાં ગરમી અને મેઘ ગર્ભનો ભ્રંશ ન થઈ જવો વળી દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હીમાલયમાં પડતો બરફ જેની અસર આધુનિક જ્ઞાન દ્વારા પણ પ્રાપ્ત થાય છે. એટલે આવા વાક્યો પ્રાચીન અર્વાચીન ઉપલબ્ધીથી મોસમનુ આંકલન કરવામાં આવે તો સત્ય નજીક વધુ જઈ શકાય. ઉનાળામાં હોળીના પવનનુ પ્રાચીન વર્ષા વિજ્ઞાનની ગણતરીએ ઘણુ જ મહત્વ છે. એટલે જુદી જુદી દીશા અને ખુણાંમાંથી આવતા પવનોનુ હોળીની જ્વાળા પરથી નિરિક્ષણ કરવામાં આવે છે. હોળીનો પ્રાગટ્ય કરવાનો સમય સુર્યાસ્ત વખતે થાય ૯૬ મિનિટ સુધી પવનનોનુ નિરિક્ષણ કરવાનુ હોય છે. જો ઉત્તરનો પવન વાય તો શિયાળો લંબાય ફેબ્રુઆરીમાં હોળી આવતી હોય તો શિયાળુ કે ઈશાનનો પવન રહેવાની શકયતા હોય છે. અને આ વખતે વરસાદ સારો થતો હોય છે. જાણકારાનો મતે હોળી ઠંડી તાપીને જાય તો સારુ પશ્ચિમનો પવનથી વરસાદ સારો પણ વાડી ન સુકાય દક્ષિણના પવનથી દુષ્કાળનો ભય રહેતો હોય છે. પુર્વના પવનથી ખંડ વૃષ્ટી અને ખુણાંના પવન અંગે જોઈએ તો ઈશાનના પવનથી વરસાદ સારો અને ઠંડી રહે. વાયવ્યના ખુંણાંથી પવન વાય તો વાવાઝોડા સાથે વરસાદની સંભાવના રહે છે.

● અનુસંધાન પાન-૭ પર

દુઃખદ અવસાન

અમારા પૂજ્ય પિતાશ્રી
પોલ એમ. ક્રિશ્ચિયન
નું દુઃખદ અવસાન તા. ૧૯-૦૩-૨૦૨૨ના રોજ થયેલ છે. તેમની દફનવિધિ તા.૨૦-૦૩-૨૦૨૨, રવિવારની સવારે ૧૧:૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન :
રોબિન્સન પી ક્રિશ્ચિયન (રાજુ)
મો. 98257 82552, 6356557644
A/6A પ્રિયા એપાર્ટમેન્ટ, મધર મિલ્ક પેલેસની પાછળ, જજીસ બંગ્લોઝ ચાર રસ્તા, બોડકદેવ, અમદાવાદ.

ફી.
દુઃખિત પરિવાર
સ્વ. સેમ્યુલ પી. ક્રિશ્ચિયન
ફ્રેન્કલિન પી. ક્રિશ્ચિયન
રોબિન્સન પી ક્રિશ્ચિયન

રાજ્યમાં કોરોનાના નવા માત્ર ૧૭ કેસ

ગાંધીનગર, તા.૧૯

રાજ્યમાં આજે કોરોનાના નવા માત્ર ૧૭ કેસ આવ્યા છે. તો બીજી તરફ ૪૩ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૨,૪૪૮ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૮ ટકાએ પહોંચી ચુક્યો છે. રાજ્યમાં રસીકરણ મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજે રાજ્યમાં રસીના કુલ ૯૫,૧૪૭ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૩૫૮ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૬ નાગરિકો વેન્ટિલેટર પર છે. ૩૫૨ નાગરિકો સ્ટેબલ છે. જયારે ૧૨,૧૨,૪૪૮ નાગરિકો ડિસ્ચાર્જ થઈ ચુક્યાં છે. જયારે અત્યાર સુધીમાં કોરોનાને કારણે કુલ ૧૦,૯૩૯ નાગરિકોના મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું.

રાજ્યમાં ૧૮મી એપ્રિલથી ગુજકેટની પરીક્ષાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ડીગ્રી એન્જીનીયરિંગ અને ફાર્મસીમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે અતિ મહત્વની ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ એટલે કે GUJCET ની પરીક્ષાની તારીખો જાહેર કરી દીધી હતી. સમગ્ર રાજ્યમાં ૧૮ મી એપ્રિલથી ગુજકેટની પરીક્ષાનો પ્રારંભ થશે. આ પરીક્ષામાં ગ્રુપ A, B તથા AB ગ્રુપના વિદ્યાર્થીઓ પરીક્ષા આફવા માટે બેસી શકશે. ૧૮ એપ્રીલને સોમવારથી આ પરીક્ષાનો પ્રારંભ થશે. પરીક્ષા સુચારુ રીતે આયોજીત થઈ શકે તે માટે સંબંધિત તંત્રને પણ બોર્ડ દ્વારા જાણ કરવામાં આવી છે. ચોરી સહિતની ઘટનાઓને અટકાવવા માટે પોલીસથી માંડીને જિલ્લા અને તાલુકા તંત્રને સુચનાઓ આપવામાં આવી છે.

નોંધનીય છે કે, રાજ્યનાં ૧ લાખ કરતા પણ વધારે વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે બેસશે. આ પરીક્ષા વિદ્યાર્થીઓની સપનાની પરીક્ષા ગણાય છે. આ પરીક્ષામાં મેળવેલા ગુણના આધારે જ એન્જિનિયરિંગ અને ફાર્મસી સહિતની શાખા ઉપરાંત મનપસંદ કોલેજમાં એડમિશન મળે છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૬૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પલેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૬૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com